### બલ્બ ચાલુ કરે એટલે લેબર રૂમના કેમેરામાં રેકોર્ડિંગ ચાલુ થઇ જતું હતું

# રાજકોટમાં મહિલા તબીબના ક્લિનિકમાં છૂપો કેમેરો ફિટ કર્યો

**અંગત** પળોના વિડિયોના આધારે 25 લાખની ખંડણી માંગી

**તબીબ** કમલ નાંઢા ઝડપાયો, 11 પત્રકારની શોધખોળ

રાજકોટ : રાજકોટમાં ડોક્ટરના ક્લિનિકમાં સ્પાય કેમેરો ગોઠવી તેમની અંગત પળોના વીડિયોને રેકોર્ડ કરી રૂ.25 લાખની માંગણીના મામલામાં એક ડોક્ટર તેમજ તોડબાજ પત્રકારો સહિતની ટોળકી સામે સાયબર ક્રાઇમમાં ગૂનો નોંધાયો હતો. જેમાં પોલીસે મુખ્ય આરોપી ડો. કમલ નાંઢાની ધરપકડ કરી છે. આ ઉપરાંત એવું પણ જાણવા મળ્યું હતું કે, સાધુ વાસવાણી રોડ પર આવેલા ગૌતમ ક્લિનિકમાં કામ કરતા ડો.કમલ નાંઢા નામના તબીબને મહિલા તબીબ સાથે એક તરફી પ્રેમ હતો જેના કારણે તેને ફરિયાદીના ક્લિનિકમાં સ્પાય કેમેરો ઇન્સ્ટોલ કર્યો હતો. બાદમાં તેને તબીબ સાથેની અંગત પળોના ફૂટેજ જોતા ખંડણી માટે પ્લાન બનાવ્યો હતો અને ખંડણીની માંગણી કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ક્લિનિકમાં લેબર રૂમની અંદર બલ્બ હોલ્ડરમાં એક સ્પાય કેમેરો ફિટ કરવામાં આવ્યો હતો. જે કેમેરાની અંદર મેમરી કાર્ડ ઇનબિલ્ટ હતું. જયારે પણ બલ્બ હોલ્ડરની સ્વીચ ચાલુ કરવામાં આવે ત્યારે તે સ્પાય કેમેરામાં રેકોર્ડિંગ ચાલુ થઇ જતું હતું અને મેમરી કાર્ડમાં તે સ્ટોરેજ થતું હતું.

મહિલા તબીબ સાથે એક તરફી પ્રેમમાં પાગલ ડોક્ટરે સ્પાય કેમેરાથી 3000થી વધુ વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યા અને બોગસ પત્રકારો મારફતે નાણાની માંગણી કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જોકે હાલ 11 તોડબાજ પત્રકારો પોલીસ પકડથી દૂર છે. જેઓને પુરાવાઓના આધારે ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. રાજકોટ સાયબર ક્રાઇમ ACP ચિંતન પટેલે જણાવ્યું હતું કે, ગત 20 માર્ચના રાજકોટ શહેર સાયબર ક્રાઇમમાં એક પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં BNS કલમ 308(5), 308(4), 35(2), 356(3), 54, 61 અને IT એક્ટ 66(E), 67 અને 67(A) અંતર્ગત ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાં ડો. કમલ ચમનલાલ નાંઢા સહિત 12 આરોપીઓ હતા. જેમાં 22 માર્ચના પોલીસે મુખ્ય આરોપી 32 વર્ષીય ડો. કમલ નાંઢાની પોલીસે અટકાયત કરી હતી. ACP પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ તમામ અંગત પળોના વીડિયો 2023ના હતા, જેમાં જૂન 2024થી સતત ફરિયાદીને ધાક ધમકીઓ આપી વારંવાર બદનામ કરવાનું કહી રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી. તાજેતરમાં પણ આજ રીતે ફરી ફોન મેસેજ અને પેમ્પલેટ બનાવી વાયરલ કરી રૂપિયાની માંગણી સતત ચાલુ રાખવામાં આવતા અંતે કંટાળી ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હિરેન મકવાણા, અજય ચુડાસમા, હાર્દિક ડોડીયા, જગદીશ તેરૈયા, જીગર સોઢા, ઘનશ્યામ પટેલ, જતીન નથવાણી, સ્વાતિ નથવાણી, અમિત ઠક્કર, ભરતભાઈ અને એક મોબાઈલ નંબર જેમના છે તે તેમજ તપાસમાં ખુલે તે તમામનો સમાવેશ થાય છે. તેમની શોધખોળ કરવામાં આવી રહી છે.

### અમદાવાદના પેટ્રોલ પંપ પર લાંબી લાઇન



■ પેટ્રોલ નહીં મળે તેવી અફવા ઉડતા રાજ્યભરની સાથે સાથે અમદાવાદના વિવિધ પેટ્રોલપંપ પર પણ વાહનચાલકો પહોંચી જતાં લાંબી લાઇનો લાગી હતી. (તસવીર: જનક પટેલ, અમદાવાદ)

### વિધાનસભામાં સરકારની ચોંકાવનારી કબૂલાત

# તાપી જિલ્લાનાં અનેક ગામોમાં 60 વર્ષથી ગોચર પર દબાણ

**ચોર્યાસી** તાલુકાના હજીરા અને મલગામામાં 4 વર્ષથી દબાણ

**માંગરોળ** અને અરેઠ તાલુકામાં 12થી 25 વર્ષ જૂના દબાણ દૂર કરાયા નથી

ગાંધીનગર : સુરત અને તાપી જિલ્લાઓમાં ગૌચર (ચરોતર) જમીનો પર લાંબા સમયથી દબાણ ચાલુ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. રાજ્ય સરકારે સ્વીકાર્યું છે કે અનેક ગામોમાં વર્ષોથી આ સમસ્યા યથાવત્ છે. સરકારે રજૂ કરેલી વિગતો પ્રમાણે તા. 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ બંને જિલ્લાઓમાં અનેક તાલુકાઓના ગામોમાં ગૌચર જમીનો પર દબાણ નોંધાયા છે. સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકાના હજીરા અને મલગામામાં અનુક્રમે 49 અને 127 દબાણ છેલ્લા 4 વર્ષથી ચાલુ છે. કામરેજ તાલુકામાં 11 વર્ષ જૂના દબાણો નોંધાયા છે, જ્યારે માંગરોળ અને અરેઠ તાલુકામાં તો 12 વર્ષથી લઈને 25 વર્ષ સુધીના દબાણો જોવા મળ્યા છે. બીજી તરફ, તાપી જિલ્લામાં સ્થિતિ વધુ ચિંતાજનક છે. વ્યારા તાલુકાના અનેક ગામોમાં 40થી 60 વર્ષથી ગૌચર જમીન પર દબાણ યથાવત્ છે. ઈન્દુ, જસિંગપુરા અને ડોલારા જેવા ગામોમાં દાયકાઓ જૂના દબાણો હજુ સુધી દૂર થયા નથી. કેટલીક જગ્યાએ 50 વર્ષથી વધુ સમયથી ગેરકાયદે કબજો ચાલુ હોવાની નોંધ લેવાઈ છે. સોનગઢ અને વાલોડ તાલુકામાં પણ દબાણના કિસ્સાઓ સામે આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે ગૌચર જમીનોના સંરક્ષણ અને ગેરકાયદે કબજાઓ દૂર કરવા માટે તંત્રની કામગીરી પર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

# બે દિવસ ગૃહ નહીં છોડવા ભાજપના MLAને આદેશ

**UCC** વિધેયક ૨૦૨૬-પર ચર્ચા હાથ ધરાશે

ગાંધીનગર : આવતીકાલ તા.24 અને 25મી માર્ચ દરમ્યાન ગુજરાત વિધાનસભામાં મહત્વના વિધેયકો પર ચર્ચા કરીને પસાર કરવામાં આવનાર હોવાથી ભાજપના ધારાસભ્યોને વિધાનસભા ગૃહ નહીં છોડવા આદેશ કરાયો છે. વિધેયક પર ચર્ચા બાદ તેના મતદાન થવાનું હોવાથી આદેશ ભાજપ વિધાનસભા પક્ષના દંડક બાલકૃષ્ણ શુકલે લેખિતમાં આ આદેશ બહાર પાડયો છે.

આવતીકાલે ગૃહમાં રાજય સરકાર દ્વારા "ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬" ચર્ચા પર હાથ પર લેવાશે. જે રાજ્યમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત હક અને લિવ-ઈન રિલેશનશિપ જેવા વ્યક્તિગત મુદ્દાઓને એકસરખા કાયદા હેઠળ લાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ માનવામાં આવી રહ્યો છે.તા.25મી માર્ચના રોજ અશાંત ધારો અને ગુજસીટોકની વ્યાખ્યામાં મહત્વના ફેરફાર અંગે ચર્ચા થશે.

આ વિધેયકનો મુખ્ય હેતુ વિવિધ ધર્મ અને પરંપરાઓ અનુસાર ચાલતા જુદા-જુદા વ્યક્તિગત કાયદાઓને એકરૂપ બનાવી કાનૂની સ્પષ્ટતા, પારદર્શિતા અને સામાજિક સમાનતા સ્થાપિત કરવાનો છે. વિધેયક સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડશે અને રાજ્ય બહાર વસતા ગુજરાતીઓ પર પણ તેની અસર રહેશે. જોકે અનુસૂચિત આદિજાતિ તથા સંવિધાન હેઠળ સંરક્ષિત કેટલાક સમુદાયો માટે આ કાયદો લાગુ નહીં પડે તેવી જોગવાઈ કરવામાં આવી છે. વિધેયકમાં લગ્ન અને છૂટાછેડા સંબંધિત સ્પષ્ટ નિયમો ઘડવામાં આવ્યા છે, જેમાં માન્ય લગ્ન માટેની શરતો, લગ્ન અને છૂટાછેડાની ફરજિયાત નોંધણી, પરસ્પર સંમતિથી છૂટાછેડાની જોગવાઈ સહિત ભરણપોષણ, સંતાનોની કસ્ટડી અને મિલકત વહેંચણીના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા છે.

વારસાગત હકો અંગે પણ આ વિધેયકમાં વિશદ જોગવાઈઓ કરવામાં આવી છે. બિન-વસિયત તેમજ વસિયત આધારીત વારસાની વ્યવસ્થા, વારસદારો વચ્ચે મિલકત વહેંચણીના નિયમો, ગર્ભસ્થ બાળકના અધિકારો અને વસિયત બનાવવાની પ્રક્રિયા જેવા મુદ્દાઓને સ્પષ્ટતા આપવામાં આવી છે.

ખાસ નોંધપાત્ર બાબત તરીકે લિવ-ઈન રિલેશનશિપને પણ કાયદાકીય માન્યતા આપતી જોગવાઈઓ કરવામાં આવી છે. આવા સંબંધોની નોંધણી માટે પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે તેમજ આવા સંબંધોમાંથી જન્મેલા બાળકોના હકોને સુરક્ષા આપવામાં આવી છે. સાથે જ સંબંધ સમાપ્ત કરવાની પ્રક્રિયા અને ભરણપોષણ અંગેના નિયમો પણ સામેલ કરવામાં આવ્યા છે. વિધેયકમાં અપીલ, અમલ અને નિયમો ઘડવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી છે તેમજ કાયદાના અમલ દરમિયાન આવતી મુશ્કેલીઓને દૂર કરવા માટે વિશેષ જોગવાઈઓ પણ સમાવાઈ છે.આ વિધેયક રાજ્ય સરકાર દ્વારા રાજપત્રમાં જાહેર કરાયેલી તારીખથી અમલમાં આવશે.

આ રીતે "ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬" રાજ્યમાં વ્યક્તિગત કાયદાઓમાં એકરૂપતા લાવવાના દિશામાં એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે, જેનાથી કાનૂની પ્રક્રિયામાં સરળતા સાથે સમાજમાં સમાનતા અને ન્યાયને વધુ મજબૂત બનાવવાનો માર્ગ ખુલશે.

# સરકારી વીજમથકોમાં બે વર્ષથી કોઈ જ વધારો નથી થયો

**પીપીપી** અને ખાનગી વીજકંપનીઓની ઉત્પાદન ક્ષમતામાં 5440 મેગાવોટનો વધારો

ગાંધીનગર : રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતાના છેલ્લા બે વર્ષના આંકડાઓમાં મહત્વપૂર્ણ બાબત સામે આવી છે. સરકાર હસ્તકના વીજ મથકોમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં કોઈ વધારો નોંધાયો નથી, જ્યારે ખાનગી અને પીપીપી ક્ષેત્રેની કંપનીઓમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે. સરકાર દ્વારા રજૂ કરેલી વિગતો મુજબ વર્ષ 2024 અને 2025 દરમિયાન સરકાર હસ્તકના વીજ મથકોમાં ક્ષમતામાં એક પણ મેગાવોટનો વધારો થયો નથી.

બીજી તરફ, ખાનગી અને પીપીપી ક્ષેત્રે વર્ષ 2024માં 2605 મેગાવોટ અને વર્ષ 2025માં 2835 મેગાવોટનો વધારો નોંધાયો છે. એટલે કે કુલ મળીને 5440 મેગાવોટનો વધારો માત્ર ખાનગી ક્ષેત્રે કર્યો છે.

હાલની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકોની કુલ ક્ષમતા 10704 મેગાવોટ છે, જ્યારે ખાનગી અને પીપીપી ક્ષેત્રે આ આંકડો 16749 મેગાવોટ સુધી પહોંચ્યો છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે રાજ્યના વીજ ક્ષેત્રમાં વિકાસનો ભાર હવે મોટાભાગે ખાનગી ક્ષેત્ર પર નિર્ભર બનતો જઈ રહ્યો છે.

# 22 વર્ષથી રાજ્યમાં એકપણ ઓવરડ્રાફ્ટ નહીં : નાણામંત્રી

**ગુજરાત** વિધાનસભામાં નાણાં વિભાગની માંગણીઓ પસાર કરાઈ

ગાંધીનગર : ગુજરાતે નાણાકીય વ્યવસ્થાપનમાં ફરી એકવાર દેશ માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં નાણા વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર થયેલી ચર્ચામાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે છેલ્લા 22 નાણાકીય વર્ષથી એકપણ ઓવરડ્રાફ્ટ લીધો નથી અને છેલ્લા 21 વર્ષથી કોઈ સાધનોપાય પેશગી પણ લીધી નથી. આ સિદ્ધિ રાજ્યની કડક નાણાકીય શિસ્ત અને સુવ્યવસ્થિત નાણાકીય સંચાલનની સાક્ષી આપે છે.

દેસાઈએ વધુમાં કહયું હતું કે અંદાજપત્ર રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. રાજ્યે વર્ષ 2024-25માં મહેસૂલી ખાધના 'શૂન્ય'ના લક્ષ્યાંક સામે 18,943 કરોડની મહેસૂલી પુરાંત હાંસલ કરી છે, જ્યારે વર્ષ 2026-27માં આ પુરાંત વધીને 25,587 કરોડ થવાનો અંદાજ છે. રાજ્યની રાજવિત્તીય ખાધ GSDPના માત્ર 1.97 ટકા સુધી મર્યાદિત રાખવામાં આવી છે, જે નક્કી મર્યાદા કરતાં ઘણી ઓછી છે.

રાજ્યના દેવા અંગે માહિતી આપતા નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતનું કુલ દેવું GSDPના માત્ર 13.87 ટકા (2024-25) જેટલું છે, જે વર્ષ 2026-27માં 14.65 ટકા રહેવાનો અંદાજ છે, જ્યારે નિર્ધારિત મર્યાદા 27.10 ટકા છે.

રાજ્યએ દેવાની ચૂકવણીમાં ક્યારેય ચૂક કરી નથી અને અસરકારક સંચાલનના કારણે દેવાનું પ્રમાણ નિયંત્રણમાં રાખવામાં સફળતા મળી છે. જીએસટી અમલીકરણ બાદ ગુજરાતે કરવેરા ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે.

## જામનગરના AAPના મહાસંમેલનમાં કેજરીવાલ અને ભગવંત માન હાજર રહેશે

અમદાવાદ : આમ આદમી પાર્ટી (AAP) દ્વારા ગુજરાતમાં ખેડૂતો અને બેરોજગાર યુવાનોના પ્રશ્નોને લઈ 26 માર્ચે જામનગરના લાલપુર ખાતે મહાસંમેલન યોજાશે. આ મહાસંમેલનમાં આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન હાજરી આપશે.

આપના હેમંત ખવાએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતમાં ભાજપનું શાસન હોવા છતાં ખેડૂતોના મૂળભૂત પ્રશ્નો યથાવત રહ્યા છે. જમીન માપણી, પાકના યોગ્ય ભાવ અને સિંચાઈના પાણી જેવી સમસ્યાઓને કારણે ખેડૂત વર્ગ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. ત્યારે 26 માર્ચે સાંજે 5 વાગ્યે લાલપુર ખાતે યોજાનાર મહસંમેલનમાં ખેડૂતો અને યુવાનોના પ્રશ્નોને પ્રાથમિકતા આપવામાં આવશે.

# આવક-જાતિના દાખલાથી રેશનકાર્ડ સુધીની 20 સેવા હવે ઓનલાઈન

**નાગરિકોએ** હવે કચેરીના ધક્કા ખાવા નહીં પડે

ગાંધીનગર : રાજ્ય સરકારે નાગરિક સેવાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં "સુગમ ડિજિટલ ગુજરાત" પહેલ હેઠળ સૌથી વધુ અરજીઓ ધરાવતી 20 સેવાઓને સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવી છે. હવે આવકના દાખલા, જાતિ પ્રમાણપત્ર અને રેશનકાર્ડ સંબંધિત સેવાઓ માટે નાગરિકોને કચેરીઓના ધક્કા ખાવા નહીં પડે.

આ પહેલ ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC)ની ભલામણોને આધારે અમલમાં મૂકાઈ છે, જેનાથી રાજ્યમાં દર વર્ષે મળતી લગભગ 1.20 કરોડ અરજીઓમાંથી મોટા ભાગની પ્રક્રિયા હવે સરળ અને ઝડપી બની જશે. ખાસ કરીને 87 લાખથી વધુ અરજીઓ આવતી 20 મુખ્ય સેવાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.

સરકારનું ધ્યાન હવે "ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ" વહીવટ પર કેન્દ્રિત થયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર ડિજિટલ ગવર્નન્સ તરફ ઝડપથી આગળ વધી રહી છે.

આ પહેલ હેઠળ પાંચ મુખ્ય વિભાગોની સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (SJED) દ્વારા SEBC, SC, EWS પ્રમાણપત્ર, નોન-ક્રીમી લેયર સર્ટિફિકેટ અને આવકના દાખલા, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ (FCS) દ્વારા રેશનકાર્ડમાં નામ ઉમેરવું/કાઢવું, સુધારો, નવું-ડુપ્લિકેટ રેશનકાર્ડ બનાવવા ઉપરાંત મહેસૂલ વિભાગ દ્વારા નકલ મેળવવાની સેવા તેમજ કાયદા વિભાગ દ્વારા સોગંદનામું કરવાની સુવિધા આપવામાં આવશે.

### ડાયાલિસિસ સાધનોના આક્ષેપ સાચા છે : રાજ્ય સરકાર

# અમદાવાદની કિડની હોસ્પિટલમાં ખરીદીમાં કૌભાંડ

**તપાસ** સમિતિના અંતિમ અહેવાલની રાહ જોવાઇ રહી છે

ગાંધીનગર : અમદાવાદની સિવિલ મેડિસિટી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિઝીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC)માં ડાયાલિસિસ પ્રોગ્રામ માટે સાધનોની ખરીદીમાં કૌભાંડ થયાના આક્ષેપો સાચા હોવાનો રાજ્ય સરકારએ સ્વીકાર કર્યો છે.

સરકાર દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલી વિગતોમાં જણાવ્યા પ્રમાણે અમદાવાદની સિવિલ મેડિસિટી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિઝીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC)માં ડાયાલિસિસ પ્રોગ્રામ માટે સાધનોની ખરીદીમાં કૌભાંડ અંગે હોસ્પિટલના નિયામક દ્વારા પ્રાથમિક તપાસ બાદ કેસની પુનઃતપાસ સોંપવામાં આવી છે. આ મામલે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા તા. 25 એપ્રિલ 2025ના આદેશથી વિશેષ તપાસ સમિતિ રચવામાં આવી હતી.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આઠ કક્કાનો અદ્‌ભુત કવાથ

કડુ, કરિયાતું, કલંભો, કિરમાણી અજમો, કાળી જીરી, કટુ પટોલ , કડાછાલ, કાળી દ્રાક્ષ સરખા ભાગે લઈ ચૂર્ણ કરી લો. તેમાંથી 10g લઈ, ફાટ બનાવી રોજ ત્રણ વાર પીવાથી, સંનિપાત જ્વર, અશક્તિ અરુચિ, પાંડુ રોગ, શિરશૂલ, અતિસાર, કૃમિ મટશે.

## સુડોકુ ૭૧૮૪ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | | | |
| ૩ | | | ૨ | ૯ | | ૪ | | ૫ |
| | | ૨ | | | ૩ | | | |
| ૯ | ૨ | ૭ | ૫ | | | ૩ | ૧ | |
| ૧ | ૫ | | | ૨ | | ૭ | | |
| ૬ | ૩ | ૮ | | ૪ | | | ૫ | |
| ૮ | | ૫ | ૯ | ૩ | ૨ | ૧ | | |
| ૭ | ૯ | | ૧ | ૮ | | ૫ | ૨ | ૩ |
| ૨ | | | | ૭ | | ૮ | ૪ | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭૧૮૩-સુડોકુ ઉકેલ

## શબ્દગુંફન - ૭૧૮૭ અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. દેવોના શિલ્પશાસ્ત્રી (૪)
૩. અધિકાર (૨)
૪. અન્ય, પારકું (૨)
૫. ચર્ચા (૫)
૬. ચરબી, તોફાન (૫)
૯.મુસાફરી, પ્રવાસ(૨)
૧૨. દૃષ્ટિ, જોવું તે (૩)
૧૪. વિશ્વાસ, આબરૂ (૪)
૧૭. આશ્ચર્યકારક (૩)
૧૮. રંગ, વર્ણ (૨)
૧૯. શ્વાસ (૨)
૨૦. દુ:ખની કહાણી (૫)
૨૨. દેહ, શરીર (૨)
૨૩. ખુશ, પ્રસન્ન (૨)
૨૫. ફરિયાદ, ચાડી (૨)
૨૬. યોગ્ય કિમત કરનાર (૫)
૨૯. માલિશ કરવું તે (૩)
૩૦. યોગ્ય કિમત (૩)

**ઊભી ચાવી**
૧. આરામ લેવાનું સ્થળ (૩)
૨. ઘટ, ખોટ (૩)
૩. સીમા (૨)
૪. પગપાળા પ્રવાસ(૪)
૫. ફરિયાદી (૨)
૭. દેવું, ઋણ (૩)
૮. લશ્કરી ચાલ (૨)
૧૦. સ્વામી, વર (૨)
૧૧. દોસ્ત, આશક (૨)
૧૨. પર્વત પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૧૩. કૃપા, દયા (૩)
૧૪. બડાઇ, શેખી (૪)
૧૫. યાચના કરનાર (૩)
૧૬. ક્રિકેટની રતમમાં દોડીને લેવાય (૨)
૧૮. વાચા, બોલી (૨)
૧૯. કૃપા, રહેમ (૨)
૨૧. મોજૂદ, પ્રત્યક્ષ (૩)
૨૨. દરજીનું એક સાધન (૩)
૨૩. રાજા (૨)
૨૪. દિલ (૨)
૨૫. ચીસ, બૂમ (૨)
૨૬. શરીરની ઊંચાઈ (૨)
૨૭. કિંમત (૨)
૨૮. આપવું તે (૨)

૭૧૮૬ - શબ્દગુંફન ઉકેલ

## આજનું પંચાંગ

**તા. 24/03/2026, મંગળવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : ચૈત્ર
**તિથિ:** સુદ : છઠ: 16:09- સ્કંદષષ્ઠી
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત
**રાષ્ટ્રિય દિનાંક** : ચૈત્ર-03
**યોગ** : પ્રીતિ **કરણ:** ગર
**નક્ષત્ર** : રોહિણી:- 19:06
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.) 30:19 પછી મિથુન (ક,છ,ઘ)
**દિવસ** : સામાન્ય - સૂર્યષષ્ઠી
**સુરતમાં સૂર્યોદય:**06:41 **સુરતમાં સૂર્યાસ્ત** :18:49
**નવકારસી** : 07:29
**પારસી વર્ષ** : 1395 આવાં માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447 શવ્વાલ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ** : બપોરે : 15:00 થી 16:30

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મનપસંદ ભાવનાનો આનંદ મળે. વેપારમાં આવક વધશે. પરિવાર સાથે પાર્ટી-પિકનિકનો આનંદ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** સખત મહેનત અને દોડ-ધામનો દિવસ રહેશે. અચાનક શુભ સમાચાર મળે. પ્રવાસમાં સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** શત્રુઓથી સાવધાન. ગુપ્ત ભય સતાવે. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે.

**કર્ક (ડ,હ,):** અચાનક અનુકૂળતાથી નવા રોકાણ લાભદાયક થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતાનો અનુભવ થાય.

**સિંહ (મ,ટ,):** ઉત્સાહજનક પ્રગતિ થાય. મહત્ત્વના નવાં ફેરફારથી નવી તક ઊભી થાય. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીની તલાશ પૂરી થાય. પ્રવાસનો હેતુ પાર પડશે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** જૂના દર્દો પરેશાન કરશે. આરોગ્યના ખર્ચા વધશે. ઉઘરાણી આવે. ધર્મ-કર્મ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** જીવન સાથીનો સાથ મળે. સામાજીક કામમાં યશ મળે. રોજના કામમાં મદદ મળે. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવા અને હિત શત્રુઓથી સાવધાન, સરકારી યોજનાનો લાભ મળે. ખર્ચા વધશે.

**મકર (ખ,જ,):** પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નવા લોકોથી સાવધાન. સંતાનોના કામમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધારવાની યોજના પાર પડે. વડીલોની મદદથી વારસાનાનો કામમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** વાણી પર કાબૂ રાખવો. વિવાદથી અશાંતિ પેદા થાય. અચાનક સફળતા મળે.

### કોઈ પણ સાલમાં 24 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે ટેકનોલોજીનું શિક્ષણ અને નવા વાતાવરણમાં કામ કરવાની તક મળશે. આરોગ્ય નરમ રહે. જવાબદારી અને દોડધામ વધશે. સમાજ નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. સંતાનોના કામમાં વિઘ્નો આવે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને તક મળે. આર્થિક બાબતે ચડતી-પડતી રહેશે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસાનાં કામ ધીમાં પડે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાંતિ મળે. મિત્રો-વડીલોની મદદ નવા ઘર વાહન, મકાન બાબતે મળશે. નવા રોકાણમાં ધીરજ-રાખવી. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર- ઓક્ટોબર, શુક્ર-શનિવાર, 6,15,24 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. સફેદ રંગનો ઉપયોગ કરતા રહેવું. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 1,10,19,28 તારીખે નવાં કામ ટાળવાં.

# શહેરી વિકાસમાં ગુજરાત બનશે ગ્રોથ એન્જિન

**33,504** કરોડના બજેટ સાથે હાઉસિંગ અને મેટ્રો વિસ્તરણથી લઇને ડિજિટલ લાઈબ્રેરી સુધી મેગા યોજનાઓની જાહેરાત

ગાંધીનગર : ગુજરાતમાં શહેરી વિકાસને નવી દિશા આપતા મહત્વપૂર્ણ નિર્ણયો વચ્ચે રાજ્યના શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત વિધાનસભામાં જણાવ્યું હતું કે ગુજરાત આજે દેશના શહેરી વિકાસનું 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે. રાજ્યની આશરે 48 ટકા વસ્તી શહેરોમાં વસે છે, જેને ધ્યાનમાં રાખીને વર્ષ 2026-27 માટે 33,504 કરોડનું વિશાળ બજેટ ફાળવવામાં આવ્યું છે. આજે ચર્ચા બાદ શહેરી વિકાસ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

દેસાઈએ જણાવ્યું હતું કે મોટા શહેરોમાં કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવવા અમદાવાદ મેટ્રો ફેઝ-3 હેઠળ થલતેજથી ગોધાવી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી એરપોર્ટ સુધી કુલ 58.53 કિલોમીટર મેટ્રો લાઈનનું વિસ્તરણ કરવામાં આવશે, જેના માટે 2,217.10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સુરતમાં મેટ્રો રેલની કામગીરી 73 ટકા પૂર્ણ થઈ છે. આ સાથે શહેરોમાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા સ્માર્ટ પાર્કિંગ, ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટી પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.શહેરોમાં સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે 'નમો સ્વદેશી અર્બન મોલ્સ' માટે 45 કરોડ ફાળવાયા છે, જ્યારે શેરી ફેરિયાઓ માટે 'CM મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ યોજના' હેઠળ 43 સ્થળોએ આધુનિક બજારો બનાવવા 80 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

જૂના શહેર વિસ્તારોના કાયાકલ્પ માટે "મુખ્યમંત્રી નગર નવજીવન યોજના" અમલમાં મૂકાઈ છે, જેના માટે આગામી વર્ષે 100 કરોડ ફાળવાયા છે. આ યોજના હેઠળ ડ્રેનેજ, પાણી પુરવઠા અને રસ્તાઓમાં સુધારા સાથે કોર સિટી વિસ્તારોને આધુનિક અને ટકાઉ બનાવાશે. શહેરોમાં રમતગમત સુવિધાઓને વેગ આપવા દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અને ફ્લાયઓવરની નીચે રમતગમત સુવિધાઓ ઊભી કરવા 150 કરોડ ફાળવાયા છે. અમદાવાદને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવા 10 કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.શહેરોમાં ગરીબો અને સ્થળાંતરિતો માટે સસ્તા ભાડાના મકાનો ઉપલબ્ધ કરવા 'નમો એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના' અમલમાં મૂકવામાં આવી છે, જેમાં પ્રથમ તબક્કે અમદાવાદ અને સુરતમાં 50 કરોડના પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાશે. શહેરી સેવાઓને મજબૂત બનાવવા 'જીવન ધારા' યોજના હેઠળ 100 કરોડ ફાળવાયા છે, જ્યારે 62 નગરપાલિકાઓમાં દૈનિક પાણી પુરવઠો સુનિશ્ચિત કરવા માટે પણ 100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.ડિજિટલ અને જ્ઞાન આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા ગાંધીનગરમાં 300 કરોડના ખર્ચે 'નમો સેન્ટ્રલ ડિજિટલ લાઈબ્રેરી અને કો-વર્કિંગ સ્પેસ' બનાવવામાં આવશે, જેમાં આ વર્ષે 100 કરોડ ફાળવાયા છે. સાથે જ બિઝનેસ ટુરિઝમને વેગ આપવા MICE સેન્ટર્સ માટે 100 કરોડ ફાળવાયા છે.મોટા શહેરોનું ભારણ ઘટાડવા કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હીરાસરને સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવવા 50 કરોડ ફાળવાયા છે. ઉપરાંત, લોથલને વૈશ્વિક પ્રવાસન નકશા પર સ્થાન આપવા થીમ પાર્ક અને અન્ય સુવિધાઓ વિકસાવવામાં આવશે, જ્યારે અંબાજીના વિકાસ માટે 97.25 કરોડ ફાળવાયા છે.

શહેરી વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય હવે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારતું નથી, પરંતુ સુવ્યવસ્થિત, માનવકેન્દ્રિત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક શહેરો ઊભા કરી રહ્યું છે. મેટ્રો, રોડ, એરપોર્ટ અને ડિજિટલ સિસ્ટમ્સને એકીકૃત કરીને ગુજરાતને ભવિષ્યલક્ષી શહેરી વિકાસનું મોડેલ બનાવવા સરકાર પ્રતિબદ્ધ છે.